# ચારૂતર વિદ્યામંડળ સંચાલિત

## વિઠ્ઠલભાઈ પટેલ એન્ડ રાજરત્ન પી.ટી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર-388120, જી. આણંદ

**Website: vpscience.org**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત વિઠ્ઠલભાઈ પટેલ એન્ડ રાજરત્ન પી.ટી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર-388120, જી. આણંદને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તા. 08/12/2023ના રોજથી મળેલ લેબ આસીસ્ટન્ટની એન.ઓ.સી. અન્વયે નીચે મુજબની કેટેગરીના ઉમેદવારો પાસેથી અરજીઓ યોગ્યતાના આધારોની સ્વયંપ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી કોલેજના આચાર્યશ્રીને કોલેજના સરનામે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી તા. 15/07/2025 સુધીમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

❖ **<u>સંવર્ગવાર જગ્યાની વિગતો :</u>**

| ક્રમ | સંવર્ગની જગ્યા | કેટેગરી | જગ્યા | વિષય |
|---|---|---|---|---|
| 1 | લેબ. આસીસ્ટન્ટ | સા. શૈ. પ. વર્ગ (SEBC) | 1 | ફીઝીક્સ/ઈલેકટ્રોનિક્સ |
| 2 | | ઈ. ડબલ્યુ. એસ. (EWS) | 1 | કેમેસ્ટ્રી/ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી |
| 3 | | બિન અનામત (OPEN) | 1 | બાયોલોજી/બોટની/ઝુલોજી |

❖ **<u>શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા:</u>**

| | |
|---|---|
| લેબોરેટરી આસીસ્ટન્ટ (ફીઝીકસ/ઈલેકટ્રોનિકસ) | (ક) તા. 15/07/2025ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;<br>(ખ) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષિણક સંસ્થામાંથી મેળવેલ ફોરેન્સિક સાયન્સ અથવા ભૌતિકશાસ્ત્ર (ફીઝીક્સ) અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા ઈલેકટ્રોનિકસમાં સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;<br>(ગ) ગુજરાત મુકલી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમેસ્ટ્રી/ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી) | (ક) તા. 15/07/2025ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;<br>(ખ) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષિણક |

| | |
|---|---|
| | સંસ્થામાંથી મેળવેલ કેમિકલ એન્જીનિયરીંગ અથવા ફોરેન્સિક સાયન્સ અથવા કેમેસ્ટ્રી અથવા ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી અથવા બાયો-કેમેસ્ટ્રી અથવા ફાર્મસીમાં સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;<br>(ગ) ગુજરાત મુકલી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| લેબોરેટરી આસીસ્ટન્ટ (બાયોલોજી/બોટની/ઝુલોજી) | (ક) તા. 15/07/2025ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇશે; અને<br>ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;<br>(ખ) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષિણક સંસ્થામાંથી મેળવેલ બાયો-એન્જીયનિયરીંગ(Bio-Engineering) અથવા ફોરેન્સિક સાયન્સ(Forensic Science) અથવા વનસ્પતિશાસ્ત્ર(Botany) અથવા પ્રાણીશાસ્ત્ર(Zoology) અથવા બાયો-કેમેસ્ટ્રી અથવા માઈક્રો-બાયોલોજી(Micro-Biology) અથવા લાઈફ સાયન્સ અથવા બાયો-સાયન્સ(Bio-Science) અથવા બાયો-ટેકનોલોજી(Bio-Technology) અથવા જીનેટિક્સ(Genetics) અથવા ફાર્મસી(Pharmacy)માં સ્નાતકની પદવી અથવા સરકારશ્રી દ્વારા માન્ય સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;<br>(ગ) ગુજરાત મુકલી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |

- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. 13/08/2008 તેમજ તા. 18/03/2016ના સરકારી ઠરાવ નંબર :- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ – 10 અથવા ધોરણ – 12ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પયુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી “રદ” કરશે.
- ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. ઉમેદવારે પ્રમાણપત્ર/દસ્તાવેજો ચકાસણી સમયે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના દરેક વર્ષ/સેમેસ્ટરના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રો અરજી સાથે અચુક સામેલ કરવાના રહેશે તેમજ જરૂર પડયે અસલમાં રજુ કરવાના રહેશે.

➢ ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સંબંધિત યુનિવર્સિટી/સંસ્થાની માન્યતા તેમજ સંબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે સંચાલક મંડળ/નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

➢ આ જાહેરાતના હેતુ માટે મહત્તમ વયમર્યાદા ભરતી નિયમ મુજબ ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

❖ **<u>શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારીત તારીખ :</u>**

➢ જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તારીખ 15/07/2025ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

❖ **<u>વયમર્યાદા માટે છુટછાટ :</u>**

➢ મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો તથા તમામ મહિલા, ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| **કેટેગરી** | **છુટછાટ** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | 5 વર્ષ | (મહત્તમ 45 વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | 5 વર્ષ | (મહત્તમ 45 વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (5+5=10) | 10 વર્ષ | (મહત્તમ 45 વર્ષની મર્યાદામાં) |

➢ અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

❖ **<u>ઈ.ડબલ્યુ.એસ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ :</u>**

(1) જે સંવગર્ની જગ્યાઓમાં **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારોએ નાણાંકીય વર્ષ 2022-23/2023-24/2024-25ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ઠ-4 મુજબ ગુજરાતી નમૂનામાં) મુજબ કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટીફીકેટ **તા.01/04/2023** થી અરજી સ્વીકારવાની છેલ્લી તા. 15/07/2025 સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમયાર્દામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે અન્યથા તેઓ જનરલ- સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમયાર્દા તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહીં.

સામાજીક અને શૈક્ષિણક રીતે પછાત વગર્ના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદભર્માં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદભર્માં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

ઉમેદવારે અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વગર્ના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(2) જે સંવગર્ની જગ્યાઓમાં **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારો માટે અનામત છે તેવા **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ)ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને

અધિકારીતા વિભાગના તા. 25/01/2019ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ/122019/45903/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગ માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ અરજી કરતી વખતે દશાર્વવાના રહેશે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.13/09/2019ના ઠરાવ ક્રમાંકઃ ઇડબલ્યુએસ/122019/45903/અ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)** માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ **(Issue)** થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર તા.16/07/2022 થી તા.15/07/2025 દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમયાર્દામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ- સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમયાર્દા તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

❖ <u>**સુચનાઓ :**</u>

- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક : 237/202425 થી 252/202425 અંગેની વિગતવાર સુચનાઓ (વેબસાઈટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in) ધ્યાનમાં લેવામાં આવશે.
- અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે.
- અનામત વર્ગના અ.જા., અ.જ.જા., અને સા.શૈ.પ.વ. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ હોવું જોઈશે.
- એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિ.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાની સંસ્થાના વડા મારફત એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા. 08/12/2023થી મળેલ એન.ઓ.સી.ના પત્ર ક્રમાંક: કવટ/ISC3/એન.ઓ.સી./2023-24/24478-82ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધુરી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- ભરતી અંગેની જરૂરી સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી દરેક ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.
- વેબસાઈટ પર મુકેલ અરજીપત્રકના ફોરમેટમાં જ અરજી કરવાની રહેશે.

❖ **પરીક્ષા પદ્ધતિ :**

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના તા: 08/11/2023ના ઠરાવ ક્રમાંક: ભરત/102023/638937/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં **MCQ** પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જાહેરાત માટે રજીસ્ટર્ડ થયેલ ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પદ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા **Part-A** અને **Part-B** એમ બે ભાગમાં લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

**PART-A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 01 | તાર્કિક કસોટીઓ તથા **Data Interpretation** | 30 |
| 02 | ગાણિતિક કસોટીઓ | 30 |
| | **કુલ ગુણ** | **60** |

**PART-B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 01 | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | 30 |
| 02 | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | 120 |
| | **કુલ ગુણ** | **150** |

**નોંધ:** અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(1) PART-A માં કુલ ૬૦ પ્રશ્નો અને PART-B માં કુલ 150 પ્રશ્નો એમ કુલ 210 પ્રશ્નો પૂછવામાં આવશે. PART-A અને PART-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (180 મિનીટ)નો સમય મળવાપાત્ર થશે.

(2) PART-A અને PART-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.

(3) સ્પર્ધાત્મક પરીક્ષાના PART-A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ 40% અને PART-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ 40% રાખવામાં આવેલ છે. આનાથી ઓછુ ગુણવત્તા ધોરણ રાખી શકાશે નહિ. PART-A અને PART-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક ગણવામાં આવશે અને પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

(4) MCQ પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

(5) દરેક પ્રશ્નનો 01 (એક) ગુણ રહેશે.

(6) ખોટા જવાબ દીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલ જવાબદીઠ મેળવેલ ગુણમાંથી 1/4 ગુણ ઓછા કરવામા આવશે. **નેગેટીવ માર્કિંગ પદ્ધતિ લાગુ પડશે.**

(7) કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

માનદ મંત્રીશ્રી

તા. 28/06/2025 ચારૂતર વિદ્યામંડળ